પવિત્ર આઠમની રાતે મહાઆરતીના દિવ્ય ઉજાસથી નગર તેજોમય બન્યુ

કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પ્રસન્નતાના ૨૫ માં વર્ષની ઉજવણી નિમિત્તે મહાઆરતીના જગમગતા દિવડાથી ગાંધીજીની અદભુત આકૃતિ રચાઇ : કર્ણાટકના રાજયપાલ તેમજ સમદર્શન આશ્રમના પૂ. ગુરુમાંએ પણ મહાઆરતીનો લાભ લીધો



ગાંધીનગર તા ૭

નવલી નવરાતના પવિત્ર આઠમના દિવસે નગરમાં માંઇભકિતનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. આઠમની મહાઆરતીના લીધે નગરમાં દિવ્ય ઉજાસ પથરાયો હતો. નકારાત્મક ઉર્જા અને અંધકારને દુર કરતી માતાજીની ભવ્ય આરતીએ અનોખો ઓજસ પથરાતા નગર દિપી ઉઠયુ હતુ. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ૩૦ હજાર જેટલા ભાવિકોએ મહાઆરતીનો લાભ લીધો હતો. હાથમાં જગમગતા દિવડાઓ સાથે મહાઆરતીમાં ગાંધીજીની પ્રતિકૃતિનુ નિર્માણ થયુ હતુ. કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળા તેમજ સમદર્શન આશ્રમના પુ ગુરુમાએ પણ મહાઆરતીના દર્શનનો લાભ લીધો હતો.

નવરાતના અંતિમ દિવસોમાં આઠમની પવિત્ર રાત્રે ગરબાની રંગત જામી હતી. જયારે માતાજીના યજ્ઞ, આનંદનો ગરબો અને મહાઆરતી સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં ભકિતની વંદના સાથે શકિતની ભકિતનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. માતાજીના નોરતામાં પવિત્ર આઠમના દિવસનુ વિશેષ મહત્વ હોય છે. જયારે માતાજીના આર્શીવાદ મેળવવા માટે આઠમના દિવસે ભાવિકો માંઇ ભકિત માટે વિશેષ પુજા અર્ચના કરે છે. સેકટરોના શેરી ગરબામાં આઠમ નિમિત્તે મહાઆરતી કરવામાં આવી હતી.માતાજીની આરતીમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. મહાઆરતી અને મહાપ્રસાદનો ભાવિકોએ લાભ લીધો હતો. સેકટરોમાં ગરબાની રંગત જામી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પણ આઠમની રાત્રે દિવ્ય અને ભવ્ય મહાઆરતીનો હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં અંબાજીથી સ્થાપિત કરવામાં આવેલી માતાજીની દિવ્ય જયોતની સાક્ષીએ મા-જગદંબાની મહા આરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગરબા મેદાનમાં ઉપસ્થિત તમામ ખૈલેયાઓએ હાથમાં દિવડા લઇ મહાઆરતી ઉતારી હતી. અંદાજિત ૩૦ હજાર જેટલા ખૈલેયાઓએ હાથમાં જગમગતા દિવડા સાથે આરતીનો લાભ લીધો હતો. જગમગતા દિવડના લીધે ગાંધીજીની પ્રતિકૃતિનુ નિર્માણ થયુ હતુ. કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળા તેમજ ગાંધીનગર સમદર્શન આશ્રમના પુ ગુરુમાં એ પણ મહાઆરતીનો લાભ લીધો હતો. અલૌકિક અને અદભુત નજારો નિહાળવા માનવ મહેરામણ ઉમટયુ હતુ. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતુ કે સંસ્થા દ્વારા ૨૫માં વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર દેશ જયારે મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવી રહ્યો છે. ત્યારે કલ્ચરલ ફોરમ પણ પુજય બાપુને શ્રધ્ધાંજલિ આપી છે. સંસ્થા દ્વારા પ્રસન્નતાના ૨૫માં વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ્રસન્નતાએ ગાંધીનગરનો સ્થાયી ભાવ બને તેવી મનોકામના સાથે આ મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

કલ્ચરલ ફોરમની મહાઆરતી મુખ્યમંત્રી રૂપાણીએ ટ્વિટર-ફેસબુક પર શેર કરી

આઠમની રાત્રે કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ભવ્ય અને દિવ્ય મહાઆરતીનુ આયોજન કરાયુ હતુ. દરવર્ષે મહાઆરતીના દર્શનનો મોટી સંખ્યામાં ભાવિકો લાભ લઇ ધન્યતા અનુભવે છે. ગઇકાલે પણ કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળાએ મહાઆરતીના દર્શનનો લાભ લીધો હતો. જયારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કલ્ચરલ ફોરમની મહાઆરતી ટવિટર અને ફેસબુક પર શે ર કરી હતી પ્રસન્નતા વ્યકત કરી હતી.જયારે અમદાવાદના મેયરે પણ કલ્ચરલ ફોરમની મહાઆરતીના દ્રશ્યો શેર કરી હતી. મહાઆરતીના દિવ્ય દ્રશ્યો સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતા. જેના અંતે સેંકડો લાઇક સાથે ભાવિકોએ પણ મહાઆરતીના દિવ્ય નઝારાની છબી નિહાળી હતી.

શહેરની સેવાભાવી વ્યક્તિઓ દ્વારા ઉજવાયો "દાન-ઉત્સવ"

ગાંધીનગર, તા. ૭

દેશભરમાં તા. ૨જી ઓક્ટોબરથી તા. ૮મી ઓક્ટોબર સુધી "દાન ઉત્સવ" ઉજવાઈ રહ્યો છે જે અંતર્ગત ગાંધીનગરમાં પણ 'દાન ઉત્સવ' ઉજવવા એક હાકલ કરવામાં આવી હતી. ગાંધીનગર વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ કરતું શહેર છે જેમાં અનેક સેવાભાવી નાગરિકો અને સંસ્થાઓ વિવિધ પ્રકારના સેવાકાર્યો સતત કરતા રહી શહેરમાં હકારાત્મકતા સાથે સદ્‌ભાવનાના માહોલનું સર્જન કરવા સતત પ્રયત્નશીલ રહે છે. ગાંધીનગર સમાચાર દ્વારા કરવામાં આવેલ 'દાન ઉત્સવ' ઉજવવાની હાકલ અંતર્ગત કેટલીક પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી જેની વિગત અત્રે છે.

●●●

ગાંધીનગરના સે. ૨૨ની સરકારી શાળામાં નયના ધીંગાણી અને સરોજબેન પરમાર દ્વારા બાળકોને ભોજન કરાવાયુ હતુ. આ સાથે તેમણે નજીકની ઝુંપડપટ્ટીના બાળકોને ચોકલેટ-બિસ્કીટ વગેરેનું વિતરણ કર્યુ હતુ અને મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમના વડિલો માટે પણ ભોજન સમારંભ યોજયો હતો. તેઓ દર રવિવારે આ પ્રકારની પ્રવૃતિ હાથ ધરે છે અને શાળાના બાળકોને પણ નિયત સમયાંતરે નોટબુક, રબ્બર, પેન્શિલ જેવી સામગ્રીનું વિતરણ કરતા રહે છે.

- નયના ધીંગાણી - સરોજબેન પરમાર

●●●

સેક્ટર-૨૩માં રહેતા નરેન્દ્ર વ્યાસ દ્વારા દરરોજ સવારે ૬ થી ૮ દરમ્યાન મુંગા પ્રાણીઓ-પશુઓ જેવા કે ગાય, કૂતરા, વાંદરા અને પક્ષીઓ જેવા કે કાગડા-કાબર તથા અન્ય માટે આહાર પુરો પાડવામાં આવે છે. તેઓ પ્રાણીઓ-પશુઓ માટે ચારો, રોટલી, બિસ્કિટ વગેરે તથા પક્ષીઓ માટે ચણ-ગાંઠીયા વગેરે પુરા પાડે છે. આ ઉપરાંત ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબોને પણ પુરી-શાક, રોટલી-પુલાવનું ભોજન તથા જરૂરિયાત મુજબનો સીધુ-સામાન તથા કપડાં પુરા પાડે છે.

- નરેન્દ્ર વ્યાસ

●●●

શહેરના સેક્ટર-૭માં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરૂવારે બાવન કિલો ખિચડી સ્વયંસેવકો દ્વારા જાતે બનાવી આશરે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદોને પીરસવામાં આવી હતી. આ સેવા કાર્યમાં અગ્રણી ડી.એમ. પરમાર સહિત સ્વયંસેવકો જોડાયાં હતા. આ ખિચડી વિતરણ કાર્યક્રમ સંસ્થા દ્વારા દર ગુરૂવારે કરવામાં આવે છે.

આજે 'દશેરા'એ સે. ૨૩માં આરએસએસના સ્થાપના દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તા. ૮મી ઓક્ટોબર મંગળવારે પવિત્ર પર્વ વિજયા દશમીએ તેમના સ્થાપના દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે આરએસએસ દ્વારા સેક્ટર-૨૩માં બગીચા સામેના મેદાનમાં ધ્વજારોહણ, શારીરિક પ્રત્યેક્ષિક, અમૃત વચન, વ્યક્તિગત ગીત, અતિથિઓના વક્તવ્ય વગેરેનું આયોજન કર્યુ છે. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા પદે વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાતના સંગઠન મંત્રી રાજેશભાઈ પટેલ અને અધ્યક્ષપદે નિવૃત અધિકારી કર્નલ વનરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે.

વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિજયાદશમી પર્વની સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

વિજયભાઈ રૂપાણીએ શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું છે કે, શક્તિની આરાધનાના પર્વ અને વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ નવરાત્રી પછી આવતું વિજયાદશમી પર્વ સમગ્ર ભારતમાં વિજયોત્સવ તરીકે ઉજવાય છે.

મુખ્યમંત્રીએ વિજયાદશમીનું આ પર્વ રાષ્ટ્ર અને સમાજની એકતા તોડવા માંગતા પરિબળોને નાથીને સદભાવના-સમરસતા સૌહાર્દ, આપસી પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ સૌના વિકાસની નેમ પાર પાડી 'રામરાજ્ય'ની અનૂભુતિ કરાવતું પર્વ બને તેવી અપેક્ષા પણ વ્યકત કરી છે.

શક્તિની ભક્તિના પર્વ નવરાત્રીનું નવમું નોરતું

રાજ્યની ૯ લાખ બાલિકાઓના "નવદુર્ગા બાલિકા પૂજન"નો અવસર બન્યું

દિકરીઓને સુપોષિત-સુશિક્ષિત-સુરક્ષિત સ્વાવલંબી બનાવી સક્ષમ રાષ્ટ્રનિર્માણનો અનોખો પ્રયોગ

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવદુર્ગાની ભક્તિના પર્વ નવરાત્રીની નોમને 'નવદુર્ગા બાલિકા પૂજન' તરીકે રાજયભરમાં ઉજવતાં ૫૩ હજારથી વધુ આંગણવાડીઓની ૯ લાખ બાલિકાઓનું પ્રતિકરૂપે પૂજન કરીને બેટી બચાવો - બેટી પઢાઓ સાથે નારી સશક્તિકરણનો સંદેશ ગાંધીનગરથી પ્રસરાવ્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે શકિત ઉપાર્જનના પવિત્ર પર્વ નવરાત્રીમાં 'નારી તું નારાયણી'નો ભાવ ઉજાગર કરીને મહિલા સન્માન - વૂમન એમ્પાવરમેન્ટ અને ભાવિ પેઢી સમાન દિકરીઓને સુપોષિત, શિક્ષિત અને સુરક્ષિત તેમજ સ્વાવલંબી બનાવવાનો આ ગુજરાત પ્રયોગ છે.

મુખ્યમંત્રીએ મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજનાઓ-સેવાઓ અને કામગીરીનો છેક આંગણવાડી સ્તરેથી જ નિયમિત ડેટા મળી રહે તે માટે ભારતભરમાં પહેલરૂપ સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરનો પણ ગાંધીનગરમાં આ વેળાએ પ્રારંભ કરાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે અદ્યતન ટેકનોલોજીનો વિનિયોગ કરીને મહિલા અને બાળ વિકાસ વિભાગે આ સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરમાં એક વિડીયો વોલ તૈયાર કરી છે.

આ વિડીયો વોલ પર આંગણવાડીઓની જિલ્લા ઘટક અને સેન્ટર વાઈઝ કામગીરી, લાભાર્થી બાળકોની હાજરી, આંગણવાડીઓમાં આપવામાં આવતી સુવિધાઓ પર નિયમિત દેખરેખ રખાશે.

રાજ્ય સરકારે આંગણવાડી બાળકો સાથે સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓના પોષણ માટે પણ આર્યન ટેબ્લેટ, રેડી-ટુ-ઈટ પોષક આહાર, દૂધ સંજીવની તહેત પોષણયુક્ત દૂધ વગેરે પૂરાં પાડીને સ્વસ્થ-તંદુરસ્ત અને સુપોષિત રાષ્ટ્ર નિર્માણનો સંકલ્પ કર્યો છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

કલોલ તાલુકાનાં રામનગર ખાતે ગ્રીન મિશન પ્રોજેકટનો શુભારંભ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનાં રામનગર ખાતે "મિશન ગ્રીન રામનગર પોજેકટ"નો આજે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સમારોહનાં અધ્યક્ષ સ્થાનેથી નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને મિશન ગ્રીન રામનગર પોજેકટનો શુભારંભ કરતા જણાવ્યું કે સરકારની મદદથી તો વિકાસના કાર્યો સૌ કોઈ કરે પણ પોતાના પૈસા, પોતાની જમીન અને પોતાના માટે

વૃક્ષારોપણ કરી પર્યાવરણ ઉભુ કરનાર રામનગર ગામ પ્રથમ છે. જે અન્ય ગામોને પ્રેરણા પૂરી પાડશે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જમીનનું દાન કરનાર દાતાઓનું સન્માન કરતાં જણાવ્યું કે સ્વની વિચારધારાને ત્યાગી સમાજનો વિચાર કરવાવાળા રામનગરના ખેડૂતોમાંથી શીખ લેવા જેવી છે. તેમણે શ્રેષ્ઠીદાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરતા જણાવ્યું કે રામનગર જેવા નાના ગામે ગ્રીન રામનગર બનાવવાની શરૂઆત કરી છે. જે સમગ્ર સમાજ માટે દિશા સૂચક છે. ભારતીય સંસ્કૃતિમાં વર્ષોથી વણાયેલ વૃક્ષવંદના ભૂલાઈ જવાથી પર્યાવરણના આવરણને આપણે જાતે જ દુષિત કર્યુ છે. ઉદ્યોગો, વાહનો, કોલ્ડ સ્ટોરેજ, એર કંડીશન જેવા વિકાસથી હવા પ્રદુષિત થઈ છે. રોડ રસ્તા અને ભવનો જેવા માળખાકીય વિકાસ માટે વૃક્ષો કાપવા પડયા છે પણ તેની સામે બમણા વૃક્ષો વાવવાની પણ જોગવાઈ છે.